# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2024** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

---

- ❖ સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદા સામે મનાઇ હુકમ ફરમાવવાનો ઇનકાર કર્યો છે.
- ❖ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઇ ચૂંટણીપંચ દ્વારા આકાશવાણી, દૂરદર્શન, સહિત વિવિધ 12 જેટલી સેવાઓને આવશ્યક સેવાઓ જાહેર કરવામાં આવી છે.
- ❖ કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે રાજયમાં વધુ 11 ઉમેદવારોના નામ જાહેર કર્યા.
- ❖ રાજયમાં ગરમીમાં વધારા વચ્ચે હવામાન વિભાગે આજે દાહોદ, મહીસાગર, છોટા ઉદેપુર અને કચ્છમાં હળવા વરસાદની આગાહી કરી છે.
- ❖ **રાજ્યના માનવ ઠક્કર, બૈરૂત ડબ્લ્યુ ટીટી ફીડર ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ્યા છે.**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SC---EC-APPOINTMENT

સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદા સામે મનાઇ હુકમ ફરમાવવાનો ઇનકાર કર્યો છે. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી ખંડપીઠે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદાને પડકારતી અરજીઓની સુનાવણી બાદ આવો ચૂકાદો આપ્યો છે. અદાલતના ન્યાયાધીશોએ એવું પણ અવલોકન કર્યું છે કે, લોકસભાની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ હોવાથી આ તબક્કે સંબંધિત કાયદા સામે મનાઇ હુકમ આપી શકાય નહીં.

અદાલતે એવું પણ અવલોકન કર્યું છે કે, નવા નિમણૂંક પામેલા ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબિરસિંહ સંધુ સામે કોઇપણ પ્રકારના આક્ષેપ થયા નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# Essential Servant Lok Sabha Elections

લોકસભાની ચૂંટણીને ધ્યાને લઇ ભારતીય ચૂંટણીપંચે આકાશવાણી, દૂરદર્શન, ચૂંટણીના દિવસે કવરેજ માટે ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરાયેલા મિડિયા કર્મીઓ સહિત બીએસએનએલ, રેલવે અને વીજળી વિભાગ સહિત વિવિધ 12 જેટલી સેવાઓને આવશ્યક સેવાઓ જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવાકર્મીઓને લોકસભાની ચૂંટણી માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા આપવામાં આવશે. જો કે, આવશ્યક સેવા કર્મીઓએ જરૂરી વિગતો આપીને ફોર્મ-12 ડી માં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે. પોસ્ટલ બેલેટની સુવિધા માંગતી આવી અરજી, ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ દિવસમાં ચૂંટણી અધિકારી સુધી પહોંચાડવું જોઇશે.

---

-રીપીટ

# *Congress Yadi*

કોંગ્રસે આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતના 11 સહિત 57 ઉમેદવારોની યાદી જાહેર કરી. રાજ્યની 11 લોકસભા બેઠક ઉપર ઉમેદવારોના જાહેર થયેલા નામ મુજબ આણંદ લોકસભા બેઠક પર અમિત ચાવડા, સાબરકાંઠા બેઠક પર ડૉ. તુષાર ચૌધરી, પંચમહાલ બેઠક પર ગુલાબસિંહ ચૌહાણ, ગાંધીનગર બેઠક પર સોનલબેન પટેલ, પાટણ બેઠક પર ચંદનજી ઠાકોર, દાહોદ બેઠક પર પ્રભાબેન તાવિપાડ, જામનગર બેઠક પર જે.પી. મારવિયા, સુરત બેઠક પર નિલેષ કુંભાણી, અમરેલી બેઠક પર જેનીબેન ઠુમ્મર, છોટાઉદેપુર બેઠક પર સુખરામ રાઠવા અને ખેડા બેઠક પર કાળુસિંહ ડાભીના નામ જાહેર થયા છે.

અમારા પ્રતિનિધિએ જણાવ્યું છે કે, પાટણ બેઠક પર કોંગ્રેસે ચંદનજી ઠાકોરના નામની જાહેરાત કરાતાં કોંગ્રેસ આગેવાનો – કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ છવાયો હતો. ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભા સામે કોંગ્રેસ ચંદનજીને ઉતારતા ચૂંટણી મુકાબલો રસાકસીભર્યો બની રહેશે.

દરમિયાન ચંદનજીએ તેમની જીતનો વિશ્વાસ વ્યક્ત કરતાં પાટણની પ્રજાના પ્રશ્નો કેન્દ્ર સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી.

---

- નીકિતા શાહ, ડીડી, સ્ટ્રીંગર યાદી -(મયુર)

# VHA

ચૂંટણી પંચે દ્વારા મતદારોની સમસ્યાના સમાધાન માટે વિવિધ એપ્લીકેશનો ઉપલબ્ધ કરાવાઈ છે.

મતદારોની સમસ્યાના ડિજીટલ સમાધાન માટે વોટર હેલ્પલાઇન એપ્લીકેશન ઉપલબ્ધ છે. જેમાં મતદારો, ચૂંટણી કાર્ડ અંગે મતદાર યાદીમાં નામ અંગે મતદાન મથક, બૂથ લેવલ ઓફીસર સહિતની વિગતો મેળવી શકે છે. આ ઉપરાંત મતદારો, તેની પર ફરીયાદ કરી શકે છે. કરેલી ફરીયાદની સ્થિતિ જોઇ શકે છે. ઉમેદવારી પ્રોફાઇલ મેળવી શકે છે ચૂંટણી પરિણામો મેળવી શકે છે.

આ માટે મતદારે આ એપ પર નોંધણી કરાવી એકાઉન્ટ બનાવાનું રહેશે જેથ મતદાન અંગેની અનેક સુવિધા – આંગળીના ટેરવે મેળવી શકાય.

-----------------------------------------------------------------

-યાદી, નિકીતા -(નવીન)

# Voting youth

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા ફર્સ્ટ ટાઇમ વોટર અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (GTU) સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગિતા અંગે MoU કરવામાં આવ્યા છે.

આગામી દિવસોમાં GTU સંલગ્ન તમામ કોલેજોમાં મતદાન જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ MoU અંતર્ગત GTUના યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન
જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટીના ઇન્ચાર્જ વાઈસ ચાન્સેલર શ્રી ડો.પંકજકુમાર પટેલે લોકશાહીનામહાપર્વમાં જાગૃત નાગરિક તરીકે સહભાગી થવા માટે યુવાનોને આહવાન કર્યું  હતું. આ કાર્યક્રમમાં સૌ યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત આગામી દિવસોમાં શહેર-જિલ્લાની વધુમાં વધુ શૈક્ષિણક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં યુવા મતદારોની સક્રિય ભાગીદારી વધે તે સંદર્ભે MoU કરવામાં આવશે.

---

-ચાદી, નિકીતા -(નવીન)

# Voting Awareness

લોકો વધુમાં વધુ મતદાન કરીને લોકશાહીના અવસરમાં સહભાગી થાય તે હેતુથી ગાંધીનગર જિલ્લામાં મતદાન જાગૃત્તિ અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં શાળાના બાળકો દ્વારા શેરી નાટક રજૂ કરીને મતદાન કરવાની અપીલ કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ જિલ્લાની પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં મતદાન માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

પંચમહાલ જિલ્લામાં પણ વિવિધ કાર્યક્રમો દ્વારા મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ચૂંટણી પંચ દ્વારા મતદારો માટે ઉપલબ્ધ કરાવાયેલ KYC, Saksham, તથા VHA જેવી એપ્લીકેશન્સનો ઉપયોગ કરવા પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આશિષ કુમારે એક યાદીમાં જણાવ્યું છે.

---------------------------------------------------------------------

-પીટીસી, ગાંધીનગર, પંચમહાલ, સંસ્કૃતિ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

........................................

# Range IG

રાજકોટ રેંજ આઈજી અશોક યાદવના અધ્યક્ષ સ્થાને મોરબી ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં વિવિધ મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી કોન્ફરન્સમાં પાંચ જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

મતદારો નિર્ભય બની મતદાન કરી શકે તેવો માહોલ ઉભો કરવા અધિકારીઓને જરૂરી કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી લોકસભા ચુંટણીમાં સ્ટાફને તાલીમ ઉપરાંત ચુંટણી બંદોબસ્ત સંબંધિત ચર્ચા કરવામાં આવી હતી.

આ વિષે વધુ માહિતી આપતા મોરબીના રેંજ આઈજી : અશોક યાદવ

## બાઈટ : અશોક યાદવ, રેંજ આઈજી

-----------------------------------------------------------------

-પીટીસી, મોરબી, દિપીકા -(નવીન)

# WEATHER

રાજયમાં ગરમીના પ્રમાણમાં વધારો થઇ રહ્યો છે ગઇકાલે રાજયના 13 શહેરોમાં તાપમાન 37 ડિગ્રીથી વધુ નોંધાયું છે. સૌથી વધુ 40 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન રાજકોટ અને સુરેન્દ્રનગર ખાતે નોંધાયુ છે.

આ સાથે અમરેલી, નલીયા, ભુજ, કંડલા એરપોર્ટ, મહુવા અને ડીસામાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી જયારે અમદાવાદ, વડોદરા, સુરતમાં 38 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે.

દરમિયાન હવામાન વિભાગે આજે દાહોદ, મહીસાગર, છોટા ઉદેપુર અને કચ્છમાં હળવા વરસાદની આગાહી કરી છે.

---------------------------------------------------------------------

-imd. નિકીતા -(નવીન)

# *WTT Table Tennis*

રાજ્યના માનવ ઠક્કર, બૈરૂત ડબ્લ્યુ ટીટી ફીડર ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ્યા છે.

સેમિફાઈનલમાં માનવે દક્ષિણ કોરિયાના જેહ્યુનને 11-9, 11-8, 12-10થી હરાવ્યા હતા. ફાઈનલમાં માનવનો મુકાબલો ભારતના જ જી. સાથિયાન સામે થશે. આ ઉપરાંત માનવે મેન્સ ડબલ્સ અને મિક્સ ડબલ્સ ફાઈનલમાં પણ સ્થાન મેળવ્યું છે.

પુરુષ ડબલ્સમાં માનવ રાજ્યના માનુષ શાહની સાથે જોડી બનાવી ફાઈલમાં રમશે, તો મિક્સ ડબલ્સમાં માનવ અને અર્ચના કામથનીની જોડી માનુષ અને દિપા ચિતાએ સામે ફાઈનલ રમશે.

---

- નીકિતા શાહ, યાદી -(મયુર)

# International Gold Medal

નેપાળના કાઠમંડુ ખાતે યોજાયેલ ચક્રફેંકની સ્પર્ધામાં મહેસાણાના શારીરિક શિક્ષણ વિભાગના શિક્ષક રમેશ ચૌધરીએ સુવર્ણચંદ્રક જીત્યો છે.

તેમણે નેપાળ ઇન્ટરનેશનલ માસ્ટર્સ એથ્લેટીક્સ ચેમ્પિયનશિપ ટુર્નામેન્ટમાં આ ચંદ્રક જીત્યો હતો. તેઓને નેપાળ સરકારના રમતગમત મંત્રીના હસ્તે ચંદ્રક એનાયત કરાયો હતો. આ અગાઉ તેમણે રાજ્યકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષા એ 21 સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પીટીસી, મહેસાણા/યશવી મહેતા,(પ્રવિણ)

# *Badminton Tournament*

**ઈન્ડિયન માસ્ટર્સ નેશનલ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં રાજ્યના ખેલાડીઓએ ચાર સુવર્ણ, 3 રજત અને 3 કાંસ્ય ચંદ્રકો જીત્યા છે.**

**રાજ્યની પૂજા મહેતાએ સિંગલ્સમાં ઉપરાંત મિક્સ્ડ ડબલ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. સમીર અબ્બાસીએ મિક્સ ડબલ્સ ઉપરાંત સિંગલ્સમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આશિષ પટેલ, હરેન્દ્ર પટેલ ડબલ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.**

---------------------------------------------------------------------

- નીકિતા શાહ, યાદી -(મયુર)

# Kefi Padarth - Bhavnagar

ભાવનગર જિલ્લાનાં તળાજા તાલુકામાં પોલીસે દરોડા પાડી ગાંજાનું વેચાણ કરતા એક મહિલા સહિત બે શખ્સને 1 કિલો 836 ગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડયા છે. 18 હજાર 360 રૂપિયાની કિંમતના ગાંજા સહિત 2 મોબાઈલ ફોન સાથે બંને શખ્સને પકડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

-પીટીસી, ભાવનગર, સંસ્કૃતિ-(નવીન)

# Western Railway

પશ્ચિમ રેલવે દ્વારા હોળીના તહેવારને અનુલક્ષીને યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-છપરા અને છપરા-અમદાવાદ વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ હોળી સ્પેશિયલ ટ્રેનની બે ટ્રીપ ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાબરમતી-છાપરા સ્પેશિયલ ટ્રેન 23 માર્ચ, 2024ના રોજ સવારે 08 વાગ્યે સાબરમતીથી ઉપડશે જે બીજા દિવસે સાંજે 4 વાગ્યે છાપરા પહોંચશે. એ જ રીતે છાપરા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન 24 માર્ચ, 2024ના રોજ છપરાથી સાંજે 8 વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે 04 વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ, કાનપુર સેન્ટ્રલ, ગોમતી નગર, બારાબંકી, ગોંડા, ગોરખપુર અને સિવાન સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં જનરલ કેટેગરીના તમામ કોચ રહેશે.

---------------------------------------------------------------------

-પીટીસી, અમદાવાદ, સંસ્કૃતિ-(નવીન)